- ઊબકા (માંદા જેવુ લાગવું) એક સામાન્ય આડ અસર છે. જો કે, જો તમે વાસ્તવમાં ઉલટી કરી રહ્યા હોય (શારીરિક બિમારી છે) તમારી દવા તમારા શરીરમાં યોગ્ય રીતે શોશાઈ નથી રહી. જો તમે ઉલ્ટી કરો છો અથવા પેટ ખરાબ છે તો તમે તમારા ટીબી નર્સ કે ડૉક્ટર ને તમે વહેલી તકે જાણ કરો.
- ત્વચા પર ચાઠાં કે ખંજવાળ આવે, પરંતુ તેઓ સામાન્ય રીતે પોતાની મેળે ઓછી થઈ શકે છે. જવલ્લે જ ત્વચા, અને કદાચ મોં અને હોઠ અંદર લાલ બની જાય છે અને ચામડી ઉખડવાનું શરૂ થઈ શકે છે. જો તમે આ જુઓ તો ટીબી ગોળીઓ લેવાનું બંધ કરી માટે અને તરત જ તમારા ડૉક્ટર અથવા નર્સનો સંપર્ક કરો.

## દવાઓનું મિશ્રણ

**વોરાક્ટિવ (Voractiv)**
વોરાક્ટિવ (Voractiv) ટીબી ની ચારે દવાઓ નું મિશ્રણ એક ગોળી માં છે (રિફંપીસીન (Rifampicin), પ્યરઝિનામાઇડ (Pyrazinamide), આઇસોનિયાઝિદ (Isoniazid) એથાંબ્યુટોલ (Ethambutol)).

**રિફાટેર (Rifater)**
રિફાટેર (Rifater) ટીબી ની ત્રણ દવાઓ નું મિશ્રણ એક ગોળી માં છે ((રિફંપીસીન (Rifampicin), પ્યરઝિનામાઇડ (Pyrazinamide), આઇસોનિયાઝિદ (Isoniazid)).

**રીફિનાહ (Rifinah)**
રીફિનાહ (Rifinah) ટીબી ની બે દવાઓ નું મિશ્રણ એક ગોળી માં છે ((રિફંપીસીન (Rifampicin), આઇસોનિયાઝિદ (Isoniazid))

## હું સહાય માટે ક્યાં જઈ શકું છુ?

જો તમે ટીબી દ્વારા ગ્રસ્ત છો, તો મદદ ઉપલબ્ધ છે. તેથી તમે એકલા છો તેવું ન અનુભવો.

તમારા ટીબી નર્સ તમારા ટીબી સારવાર ની સહાય માટે ઉપલબ્ધ છે. ધ્યાન રાખો કે તમે તમારી બધી મુલાકાતો માં હાજરી આપો અને જો તમને ગોળીઓ લેતા કોઈ મુશ્કેલી આવી રહી છે તો આરોગ્ય વ્યાવસાયિકને જણાવો.

પહેલા કોઈ ને પણ ટીબી રોગ હતો અને હવે જે સારા થઈ ગયા છે તેમની સાથે વાત કરો એ તમને ફાયદો કરશે. ટીબી એલર્ટ, જે યુકેની રાષ્ટ્રીય ટીબી ચેરિટી છે, **ટીબી ઍક્શન ગ્રુપ** (TBAG) ના કોઈ સભ્ય ને તમારી સાથે સંપર્ક માં મૂકી શકે છે. તેઓ તમારી સાથે વાતચીત કરશે અને તમારી સારવાર દ્વારા મદદ કરવા માટે ખુશ રહેશે.

ક્ષય રોગ વિષે અને તેના ઉપચાર વિષે વધુ માહિતી માટે ક્લિનીક સ્ટાફ ને પુછો તેઓ તમને ક્ષય રોગ (ટીબી) ઉપચાર નામની પત્રિકા આપશે.

**યાદ રાખો**: તમારા ટીબી નર્સ છે જે તમને તમારી સારવાર દરમિયાન સલાહ આપે છે અને મદદ કરે છે. જો તમે તમારી સારવાર દરમ્યાન કઈક બરાબર નથી અનુભવતા અથવા તો તમે તમારા ટીબી દવાઓ વિશે ચોક્કસ નથી તો તમારા ટીબી નર્સનો સંપર્ક કરો.s.

તમારા ટીબીના નર્સ છે:

તમારા હોસ્પિટલના ડોક્ટર છે:

ટેલીફોન:

ઈમેલ:

TB Alert, Community Base, 113 Queens Road,
Brighton, BN1 3XG
ફોન: 01273 234029 **www.tbalert.org**

For more information about TB and to read about real people's experience of the illness, please visit *The Truth About TB* at www.thetruthabouttb.org

જો તમારે ટીબી વિશે વધારે માહિતી મેળવવી હોય, અથવા ટીબી એક્શન ગ્રુપ (TBAG) વિશે વધુ જાણવા માંગો છો 01273 234770 પર કૉલ કરો.

**ટીબી એલર્ટ**, યુકેની રાષ્ટ્રીય ક્ષય ચેરિટી છે. અમારા પ્રોજેક્ટ યુ.કે., ભારત અને આફ્રિકામાં ચાલે છે અને અમે એક વૈશ્વિક સમસ્યા તરીકે ટીબી ને હલ કરવા આંતરરાષ્ટ્રીય ભાગીદારો સાથે કામ કરીએ છીએ. અમારી પ્રવૃત્તિઓ ત્રણ મુખ્ય ક્ષેત્રો પર કેન્દ્રિત છે:

- ટીબી બાબતે જાહેર અને વ્યાવસાયિક જાગૃતિ વધારવી અને દર્દીઓને તેમની સારવાર દરમ્યાન ટેકો પૂરો પાડવો
- કાનૂની આરોગ્ય સેવાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ અને ટીબી ગ્રસ્ત લોકોને એક સાથે લાવવા જેથી વધુ સારી રીતે ટીબી સેવાઓ નું આયોજન કરી શકાય અને સેવાઓ ને પહોંચાડી શકાય
- ટીબી ના રોગીઓ ની કાળજી માટે ઉપલબ્ધ સ્રોતો સુધારવા માટે હિમાયત કરવી ઉપરાંત ટીબી રોગ ને રોકવા અને નિયંત્રણ કરવા માટે નીતિઓ વિકસાવવી


ટીબી ના રોગીઓ ને માટે અસરકારક સારવાર વધુ ને વધુ ઉપલબ્ધ થાય તેવા અમારાં સંસ્થાકીય મિશન ને આ કામ ટેકો આપે છે.

આ પત્રિકામાં આપેલ ક્ષય રોગ નિદાન અને સારવાર સંબંધમાં કોઈપણ જાણકારી નો ઉદ્ધેશ્ય આ વિષય પર માત્ર સામાન્ય માહિતી આપવાનો છે. તે નો ઉદ્દેશ્ય દાક્તરો, ફાર્માસિસ્ટ અથવા દર્દીની સંભાળ લેનારા અન્ય આરોગ્યસંભાળ વ્યાવસાયિક ના જ્ઞાન, કુશળતા, કૌશલ અને નિર્ણય ના અવેજી તરીકે નથી. આ પત્રિકા માં સમાવવા માં આવેલ કોઈ પણ માહિતી નો વપરાશ નિદાન કે સારવારના નિર્ણયો માટે થાય તે ધ્યેય નથી. નિદાન અને સારવારને લગતા પ્રશ્નો અને સમસ્યાઓ માટે આરોગ્યસંભાળ વ્યાવસાયિક નો સંપર્ક કરો.

ટીબી એલર્ટ બાંયધરી દ્વારા મર્યાદિત કંપની છે, ઇંગ્લેન્ડ માં 3606528 નંબર સાથે નોંધાયેલી છે. રજિસ્ટર્ડ ચેરિટી નંબર. 1071886. design: **worksong**, london 020 8352 8300 Revised 2013



# તમારાં ક્ષય રોગ (ટીબી) ની દવાઓ વિષે



**જો તમારા સ્નેહીજનને ટીબી થયો છે તો ઘભરાવ નહીં ટીબી સાધ્ય છે.**

જો તમારા સ્નેહીજનને ટીબી થયો છે તો ઘભરાવ નહીં ટીબી સાધ્ય છે.

તમે ટીબી થી તો જ સંપૂર્ણ સાજા થશો જો તમે ચોક્કસ દવાઓ લો અને આ લેવાનું રાખો ત્યાં સુધી ચાલુ રાખશો જ્યાં સુધી તમારા ડૉક્ટર તમને બંધ કરવા માટે ન કહે. આમાં ઓછામાં ઓછા છ મહિના લાગી શકે છે, પણ પછી તમે જાણી લેશો કે તમે ટીબી મુક્ત છો.

ટીબી દવાઓ ક્યારેક અન્ય કોઇ દવા જેમ આડઅસર કરી શકે. આ પત્રિકા તમને ટીબી સારવાર માટે ની દવાઓ ના મહત્તમ ઉપયોગ કેવી રીતે લેવા માં આવે તે બતાવવા માં આવ્યું છે.

## તમે ટીબીની દવાઓ લેવાની શરૂ કરો તે પહેલા







તમારા ડૉક્ટરને આ જણાવો:

- બધી અન્ય દવાઓ કે જે તમે કોઈપણ ઉપર એક સમુદાય ફાર્મસી ના કાઉન્ટર પર થી ખરીદો છો તે સહિત
- અન્ય દવાઓ માટે કોઈપણ અગાઉની એલર્જી
- જો તમે ક્યારેય કોઈ યકૃત રોગ થયો છે
- જો તમે ક્યારેય અન્ય ગંભીર માંદગી માં હતા

ક્ષય રોગની સારવાર ગર્ભાવસ્થા દરમ્યાન સુરક્ષિત રીતે લેઇ શકો છો. જોકે તે અગત્યનું છે કે તમારા ડૉક્ટરને જણાવો કે તમે ગર્ભવતી છો, તમે સગર્ભા છો કે અથવા સ્તનપાન કરાવો છો પરંતુ તે અવસ્થા પ્રમાણે તેઓ દવાઓ ને તમારા માટે તદનુસાર આપી શકે છે.

## મારે ટીબી ની ગોળીઓ ક્યારે લેવી જોઈએ?

તમારા ડૉક્ટર કે નર્સ ટીબી ગોળીઓ લેવા માટે તમારી સાથે દિવસ માં સૌથી યોગ્ય સમય માટે ની ચર્ચા કરશે, પરંતુ અહીં મદદરૂપ માર્ગદર્શિકા છે:

| | રિફંપીસીન (Rifampicin)  | આઇસોનિયાઝિદ (Isoniazid)  | પ્યરઝિનામાઇડ (Pyrazinamide)  | એથાંબ્યુટોલ (Ethambutol) 400 મીગ્રા 100 મીગ્રા  | વોરાક્ટિવ (Voractiv)  | રિફાટર (Rifater)  | રીફિનાહ (Rifinah) 150 મીગ્રા 300 મીગ્રા  |
|---|---|---|---|---|---|---|---|
| જો પેટ ખાલી છે સરસ રીતે સમાઈ જશે – તમે ખોરાક ખાવ તેના ઓછામાં ઓછા **એક કલાક પહેલા** કે **બે કલાક પછીથી** | ✓ | ✓ | | | ✓ | ✓ | ✓ |
| ખોરાક સાથે કે વગર લઈ શકાય | | | ✓ | ✓ | | | |
| **સામાન્ય રીતે અનુભવાતી આડ અસરો** | | | | | | | |
| પેટ ખરાબ જેમ કે ઊબકા (માંદા જેવુ લાગવું) ઉલટી, અને ઝાડા | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ |
| ફ્લૂ જેવા લક્ષણો, ઠંડી, તાવ, ચક્કર અને સાંધાનો દુખાવો | ✓ | | ✓ | | ✓ | ✓ | ✓ |
| ચામડી માં ચાઠાં અને ખરજ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ |
| ચામડી માં ચાઠાં અને ખરજ | ✓ | | | | ✓ | ✓ | ✓ |
| આંગળી અને અંગૂઠામાં ઝણઝણાટી | | ✓ | | ✓ | ✓ | ✓ | ✓ |
| શરીરના સ્ત્રાવ (પેશાબ, લાળ, વીર્ય, યોનિમાર્ગ પ્રવાહી) કેસરી લાલ થઈ શકે છે | ✓ | | | | ✓ | ✓ | ✓ |
| ગર્ભનિરોધક અંત:સ્ત્રાવોની અસર ઓછી થવી (મોં વાટે લેવાનારી ગોળી, સાધન કે અન્ય)* | ✓ | | | | ✓ | ✓ | ✓ |

*મહિલાઓ જ્યારે ટીબીની દવાઓ લેતા હોય ત્યારે તેમણે વધારાના ગર્ભનિરોધક માધ્યમનો ઉપયોગ કરવો જોઈએ તમારા ડોક્ટર કે નર્સની સલાહ લો.

## મહત્વની આડ અસરો

- વોરાક્ટિવ (Voractiv), રિફાટર (Rifater), પ્યરઝિનામાઇડ (Pyrazinamide) અને આઇસોનિયાઝિદ (Isoniazid) થી કમળો થઈ શકે છે (ચામડી અને આંખ પીળી થઈ જાવી). **જો આવું થાય, તો તમારી દવા રોકી અને તરત જ ડોક્ટર કે નર્સનું ધ્યાન દોરવું જોઈએ.** તમારા ડોક્ટર ટીબી દવા લેતા પહેલા યકૃત કાર્ય પરીક્ષણ કરાવવા ની ગોઠવણ કરશે અને સારવાર દરમ્યાન નિરીક્ષણ કરશે.
- વોરાક્ટિવ (Voractiv), એથાંબ્યુટોલ (Ethambutol) અને આઇસોનિયાઝિદ (Isoniazid) ભાગ્યે જ દ્રશ્ય વિક્ષેપ (ઝાંખુ અને લાલ/લીલા રંગ ખલેલ) નું કારણ બની શકે છે. જો **તમને દ્રશ્ય વિક્ષેપ થાય તો દવા રોકી અને તમારા ડૉક્ટર અથવા નર્સ તરત જ જાણ કરો.** ટીબી ની દવા આપતા પહેલાં તમારા ડૉક્ટર કે નર્સ તમારા માટે આંખ પરીક્ષણની ગોઠવણ કરી શકે છે.